અનુસંધાન ... પાના પહેલાનું

સોના-ચાંદીની...

પ્લેટિનમઃ તેની ડ્યુટી પણ વધારીને 15.4% કરવામાં આવી છે. **૨. કેમ લેવો પડ્યો આ નિર્ણય? (મુખ્ય કારણો)**

મોદીની અપીલઃ પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ દેશવાસીઓને સોનાની ખરીદી ઘટાડવા અને બિન-જરૂરી વિદેશ પ્રવાસ ટાળવા વિનંતી કરી હતી.

યુદ્ધની અસરઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ $107/બેરલ પર પહોંચી ગયા છે. ભારત તેની જરૂરિયાતનું 87% તેલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે જ્યાં અત્યારે અવરોધ છે.

ફોરેક્સ બચતઃ ખાતર અને ક્રૂડ જેવી જીવનજરૂરી વસ્તુઓની આયાત માટે વિદેશી ભંડોળ જાળવી રાખવું અનિવાર્ય બન્યું છે.

રૂપિયાની નબળાઈઃ રૂપિયો અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે (95.75) પહોંચી ગયો હતો. જોકે, આ જાહેરાત બાદ તેમાં થોડો સુધારો જોવા મળ્યો છે.

૩.ભાવપરઅસરઃસોનુંકેટલુંમોંઘુંથશે?

જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ (GJC) ના જણાવ્યા અનુસાર, આ વધારાને કારણે સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામે અંદાજે 27,000નો તોતિંગ ઉછાળો આવી શકે છે. મંગળવારે જ દિલ્હીમાં સોનું 1,56,800 અને ચાંદી 2,77,000 પ્રતિ કિલો પર પહોંચી ગયા હતા.

૪. જ્વેલરી ઉદ્યોગની ચિંતા

ઉદ્યોગ જગતના નિષ્ણાતોનું માનવું છે કે ઉંચી જકાતને કારણે સોનાની દાણચોરી (Smuggling) વધી શકે છે, જે સમાંતર અર્થતંત્ર ઊભું કરશે.

ઊંચા ભાવને કારણે લોકો હળવા વજનની જ્વેલરી (Light-weight jewellery) તરફ વળશે અને વેચાણમાં 10-15%નો ઘટાડો થઈ શકે છે.

૫. આંકડાકીય નજર (નાણાકીય વર્ષ 2025-26)

કુલ આયાતઃ સોના-ચાંદીની આયાત 26.7% વધીને 102.5 અબજ ડોલર થઈ.

આયાતમાં હિસ્સોઃ કુલ આયાતમાં કિંમતી ધાતુઓનો હિસ્સો 11.8%થી વધીને 14% થયો.

મૂલ્ય વિરુદ્ધ જથ્થોઃ જથ્થાની દ્રષ્ટિએ આયાત 4.76% ઘટી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ભાવ વધવાને કારણે આયાત બિલ 24% ઉછળ્યું છે.

કેન્દ્ર સરકારે...

પણ રૂ. 557નો જંગી વધારો કરાયો છે. કઠોળમાં તુવેર માટે રૂ. 450 અને અડદ માટે રૂ. 400નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે મગના ભાવમાં રૂ. 12નો નજીવો વધારો થયો છે. તેલીબિયાંમાં સોયાબીન (પીળી)ના ભાવમાં રૂ. 380 અને મગફળીમાં રૂ. 254નો વધારો કરાયો છે.

કરકસરના માર્ગે...

તાજેતરની ગુજરાત અને આસામની મુલાકાતો દરમિયાન આ ફેરફાર અમલમાં મૂકવામાં આવ્યો હતો. પીએમ મોદીએ એસપીજી પ્રોટોકોલ જાળવી રાખીને બિનજરૂરી વાહનો હટાવ્યા છે અને જ્યાં શક્ય હોય ત્યાં નવી ખરીદી કર્યા વિના ઈલેક્ટ્રિક વાહનોનો સમાવેશ કરવા સૂચના આપી છે. વડા પ્રધાનના આ પગલાને અનુસરીને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કરકસરના પગલાં શરૂ કર્યા છે.

અમિત શાહ...

સમજદારીપૂર્વક ઉપયોગ કરવા કહ્યું છે. બીજી બાજુ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંત્રીઓને સપ્તાહમાં એકવાર જાહેર પરિવહનનો ઉપયોગ કરવા અને સરકારી વાહનોના કાફલામાં 50 ટકા ઘટાડો કરવા આદેશ આપ્યો છે. તેમણે આગામી 6 મહિના સુધી વિદેશ પ્રવાસ ટાળવા, એસીનું તાપમાન 24-26 ડિગ્રી રાખવા અને 'વોકલ ફોર લોકલ' અંતર્ગત સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા સૂચના આપી છે.

આયાત ડ્યુટીમાં...

કિલો પર પહોંચી ગઈ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ અને વધતા જતા આયાત બિલને કાબૂમાં લેવા માટે સરકારે સોના અને ચાંદી પરની આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને સીધી 15 ટકા કરી દીધી છે. આ ઉપરાંત પ્લેટિનમ પરની ડ્યુટી પણ 6.4 ટકાથી વધારીને 15.4 ટકા કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશી હૂંડિયામણના ખર્ચને ઘટાડવા માટે સોનાની ખરીદી પર અંકુશ અને કરકસરના પગલાં લેવા કરેલા આહ્વાન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમેરિકા-ચીન...

સહમતી સધાઈ હતી. આ મંત્રણા બંને દેશોના રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે થયેલા અગાઉના મહત્વપૂર્ણ સંમતિ કરારોને આધારે કરવામાં આવી હતી. બંને પક્ષોએ પરસ્પર આદર, શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને બંનેને ફાયદો થાય તેવા સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો. વિશ્વની આ બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેની આ વાતચીત આગામી દિવસોમાં ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે થનારી શિખર વાટાઘાટો માટે પાયો નાખશે તેવું માનવામાં આવે છે.

NEET પેપર...

ના મુખ્યાલયની મુલાકાત લીધી હતી અને પરીક્ષા સંબંધિત મહત્વના દસ્તાવેજો એકત્ર કર્યા હતા. એજન્સી રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) સાથે સંકલન સાધીને તપાસ આગળ ધપાવી રહી છે.

અમદાવાદ-ધોલેરા...

બરાબર છે. આ કોરિડોર દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો ભાગ છે અને તે સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસને વેગ આપશે.

બીજિંગ પહોંચેલા...

જરૂરી 'રેર-અર્થ' મિનરલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ ઉપરાંત, બંને દેશો વચ્ચેના મતભેદો ઉકેલવા માટે 'બોર્ડ ઓફ ટ્રેડ'ની સ્થાપના પણ થઈ શકે છે.

દિલ્હી ડાયરી...

બંગાળના ચૂંટણી પ્રચારમાંથી પરત ફર્યા હતા અને સત્તાવાર કાર્યક્રમ માટે તાત્કાલિક જમ્મુ જવાનું હતું.

અમૂલ દૂધમાં...

જણાવ્યા અનુસાર, અમૂલ તેના ગ્રાહકો પાસેથી મેળવેલા દરેક 1 રૂપિયામાંથી 80 પૈસા (80 %) સીધા દૂધ ઉત્પાદકોને પરત આપે છે. આ ભાવ વધારાનો મોટો હિસ્સો દૂધ ઉત્પાદકો પાસે જશે, જેથી તેઓને દૂધનું ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન મળી રહે. જાહેર થયેલા નવા ભાવ મુજબ અમૂલ ગોલ્ડ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 34માંથી વધારી રૂ. 35 કરવામાં આવ્યો છે, જ્યારે 6 લિટર પેકનો ભાવ રૂ. 400થી વધારી રૂ. 420 કરાયો છે. અમૂલ શક્તિ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 31થી વધારી રૂ. 32 અને 6 લિટર પેકનો ભાવ રૂ. 372થી વધારી રૂ. 384 કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અમૂલ ગાય દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 28થી વધારી રૂ. 30 અને 200 મિલી પાઉચનો ભાવ રૂ. 11થી વધારી રૂ. 12 કરવામાં આવ્યો છે. અમૂલ તાજા દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 28 જ રાખવામાં આવ્યો છે, જ્યારે 6 લિટર પેકનો ભાવ રૂ. 336થી વધારી રૂ. 348 કરવામાં આવ્યો છે. અમૂલ સ્લિમ એન્ડ ટ્રિમ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 24થી વધારી રૂ. 25 કરવામાં આવ્યો છે.

આર્થિક કટોકટીને ખાળવા સરકાર ક્યાં વધુ આકરાં પગલાં લેવાની તૈયારી કરી રહી છે?

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ચૂંટણીઓ દરમિયાન ચિક્કાર રોડ શો કરી લીધા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અચાનક યાદ આવ્યું છે કે ઈરાન યુદ્ધને કારણે ભારતનું અર્થતંત્ર અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જેને પાટા પર લાવવા માટે દરેક દેશવાસીએ બલિદાન આપવા તૈયાર રહેવું પડશે. મોદીના કહેવા મુજબ ભારતનાં લોકોએ પેટ્રોલ અને ડિઝલનો વપરાશ ઘટાડવો જોઈએ, એક વર્ષ સુધી સોનું ન ખરીદવું જોઈએ, વર્ક ફ્રોમ હોમની તૈયારી કરી લેવી જોઈએ, ખાદ્ય તેલનો વપરાશ પણ ઘટાડવો જોઈએ, સ્કૂલો અને કોલેજો ઓનલાઈન ચલાવવી જોઈએ, બિનજરૂરી વિદેશયાત્રાઓ ટાળવી જોઈએ અને ખેડૂતોએ રાસાયણિક ખાતરના વપરાશમાં ૫૦ ટકાનો ઘટાડો કરવો જોઈએ. મોદીનાં આ સૂચનો સાંભળ્યા પછી દરેક નાગરિક ચિંતામાં મૂકાઈ ગયો છે કે ટૂંકમાં સરકાર તરફથી મોટાં પગલાંઓ આવી રહ્યાં છે, જેમાં આંશિક લોકડાઉન જેવી પરિસ્થિતિ પેદા કરવામાં આવશે. વડા પ્રધાને એક વર્ષ સુધી સોનું ન વાપરવાનો ઉપદેશ આપ્યો તેના ૨૪ કલાકમાં સોના અને ચાંદી પરની આયાત જકાત ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરી દેવામાં આવી છે. તેવી જ રીતે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં મોટો વધારો આવી શકે તેમ છે. અહીં સવાલ એ થાય છે કે દેશની આર્થિક હાલત પહેલેથી જ ખરાબ હતી કે ઈરાન યુદ્ધને કારણે આર્થિક કટોકટી પેદા થઈ છે? શું મોદી સરકાર દ્વારા ૧૨ વર્ષના ગેરવહીવટ દ્વારા જે કટોકટી પેદા થઈ તેનો ટોપલો ઈરાન યુદ્ધ પર ઢોળાઈ રહ્યો છે?

ઘણાં લોકોએ સોશ્યલ મીડિયા પર એવા પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા કે જે નેતાઓ સામાન્ય નાગરિકોને ઈંધણ બચાવવાની અપીલ કરે છે તેઓ પોતે મોટા કાફલા અને રોડ શો કેવી રીતે ચાલુ રાખી રહ્યા છે. મોદી સાહેબની અપીલ પછી ગુજરાતના ગવર્નર અને મુખ્ય મંત્રી સહિતના નેતાઓએ પોતાના કાફલામાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ગુજરાતના ગવર્નર દેવવ્રત આચાર્યે તો એસ.ટી. બસમાં મુસાફરી કરવાની જાહેરાત કરી છે, પરંતુ આ જાહેરાતો માત્ર પ્રસિદ્ધિ માટે હોય તેવું જણાય છે. સરકાર આર્થિક મોરચે નિષ્ફળ ગઈ છે તે હકીકત બહાર આવી ગઈ છે.

૧૯૬૫માં ખાદ્ય સંકટ અને યુદ્ધ દરમિયાન તત્કાલીન વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ લોકોને સોમવારે સાંજે સ્વૈચ્છિક ઉપવાસ કરવાની અપીલ કરી હતી. સમાજવાદી નેતા મધુ લિમયેએ સંસદમાં તેનું સમર્થન કરતા કહ્યું હતું કે સ્વૈચ્છિક તપસ્યા મુશ્કેલ સમયમાં નાગરિક ફરજ છે અને રાજકીય વર્ગે ફક્ત અપીલ કરવાને બદલે એક ઉદાહરણ બેસાડવું જોઈએ. ભારતની દરેક સરકાર માટે વિદેશી હૂંડિયામણ ભંડારને સંતુલિત રાખવું એક પડકાર રહ્યો છે. ૧૯૯૦ માં ગલ્ફ વોર શરૂ થઈ તેની સીધી અસર ભારત પર પડી હતી. વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં વધારો થયો અને ભારતને પણ તેની અસર થઈ. ૧૯૯૦-૯૧માં પેટ્રોલિયમ આયાત બિલ ૨ અબજ ડોલરથી વધીને ૫.૭ અબજ ડોલર થયું, જેનું મુખ્ય કારણ તેલના ભાવમાં વધારો હતું. ભારતનો હૂંડિયામણનો ભંડાર ખાલી થઈ જતાં રિઝર્વ બેન્કનું સોનું ગિરવે મૂકવાની ફરજ પડી હતી. ૨૧ જૂન ૧૯૯૧ના રોજ જ્યારે પી.વી. નરસિંહ રાવ વડા પ્રધાન બન્યા, ત્યારે એવું લાગતું હતું કે ભારત નિયત તારીખે વિદેશી દેવું ચૂકવી શકશે નહીં અને તેને ડિફોલ્ટર જાહેર કરવામાં આવશે. પી.વી. નરસિંહ રાવે નાણાં મંત્રી મનમોહન સિંહ દ્વારા અનેક આર્થિક સુધારા કર્યા અને ભારતીય અર્થતંત્રમાં મૂળભૂત ફેરફારો લાવ્યા, જેનાથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ હતી. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર હાલમાં આશરે ૭૦૦ અબજ ડોલર છે, છતાં મોદી આવી અપીલ કેમ કરી રહ્યા છે?

દિલ્હી સ્થિત ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના ડિરેક્ટર અજય શ્રીવાસ્તવ કહે છે કે ભારતનું આયાત-નિકાસ સંતુલન હજુ પણ પાટા પર પાછું આવ્યું નથી. આપણી ઊર્જાની જરૂરિયાતોમાં નોંધપાત્ર વધારો થયો છે. ઇલેક્ટ્રોનિક્સ અને સોનાની આયાત પણ વધી છે. આવી સ્થિતિમાં ૭૦૦ અબજ ડોલર પણ અપૂરતા સાબિત થઈ રહ્યા છે. ભૂતકાળમાં આયાત નિકાસ કરતાં વધી ગઈ હતી અને આજે પણ પરિસ્થિતિ એવી જ છે. એટલા માટે ભારતના વડા પ્રધાન સમયાંતરે આવી અપીલો કરતા રહ્યા છે. વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ આયાતકાર દેશ, વધતી જતી ઊર્જા કિંમતને કારણે સર્જાયેલા આર્થિક સંકટને રોકવાનો પ્રયાસ કરી રહ્યો છે, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીયોને ઘરેથી કામ કરવા અને જાહેર પરિવહનનો ઉપયોગ કરીને બળતણ બચાવવા વિનંતી કરી છે. ઈરાન પર અમેરિકાના હુમલા પછી આ પહેલી વાર છે જ્યારે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશના વડા પ્રધાને નાગરિકોને ખર્ચ ઘટાડવાની અપીલ કરી છે. આર્થિક વિશ્લેષકો માને છે કે કેટલાંક ક્ષેત્રોમાં કરકસર માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણ ઘટાડવાનો સ્પષ્ટ સંદેશ આપે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે મોદીની અપીલ ભારતીય અર્થતંત્રમાં મોટા સંકટ તરફ ઈશારો કરે છે.

ફેબ્રુઆરીમાં તેલનો ભાવ પ્રતિ બેરલ ૭૮ ડોલર હતો. ઈરાન પરના હુમલા પછી, તે ૧૨૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો. હાલમાં, તે ૧૦૫ અને ૧૧૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. આ કારણે ભારતનું આયાત બિલ નોંધપાત્ર રીતે વધ્યું છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું તેલ આયાત બિલ ૧૭૬ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જે હજુ વધશે. અખાતી દેશોમાં અંદાજે ૯૦ લાખ ભારતીય કામદારો છે અને તેઓ જે નાણાં ભારતમાં મોકલતા હતા તેના પર અસર પડી છે. ત્રીજું, આપણા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય બજારમાંથી નોંધપાત્ર પ્રમાણમાં નાણાં પાછા ખેંચી લીધા છે. આપણી વેપાર ખાધ વધી રહી છે. આપણી ચાલુ ખાતાની ખાધ વધી રહી છે અને તેના કારણે ડોલર સામે રૂપિયો ૧૦૦ ની નજીક પહોંચી ગયો છે. ભારત માટે એક માત્ર ઉકેલ એ છે કે નિકાસ વધારવી અને આયાત ઘટાડવી. પશ્ચિમ એશિયામાં યુદ્ધની ભારતના ચુકવણી સંતુલન પર અસર અંગે અર્થશાસ્ત્રીઓ ચિંતિત છે.

૨૦૨૫-૨૬ નાણાંકીય વર્ષમાં ભારતની વેપાર ખાધ ૩૩૩.૨ અબજ ડોલર હતી. ભારત તેની ખનિજ તેલની જરૂરિયાતોના ૯૦ ટકા આયાત કરે છે, જે તેને સૌથી મોટો ડોલર ખર્ચ કરનાર બનાવે છે. જાન્યુઆરીમાં નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત વધીને ૩૪.૬૮ અબજ ડોલર થયો છે, જ્યારે એક મહિના પહેલાં તે ૨૫.૦૫ અબજ ડોલર હતો. જાન્યુઆરીમાં આયાત વાર્ષિક ધોરણે ૧૯.૨ ટકા વધીને ૭૧.૨૪ અબજ ડોલર થઈ, જ્યારે નિકાસ માત્ર ૦.૬ ટકા વધીને ૩૬.૫૬ અબજ ડોલર થઈ. કાચા તેલના વધતા ભાવ અને વૈશ્વિક અસ્થિરતા ભારતના વિદેશી હૂંડિયામણ ભંડાર પર ગંભીર દબાણ લાવી રહી છે. યુદ્ધ શરૂ થયા પછી ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૫ ટકા ઘટીને ૬૯૦ અબજ ડોલર થઈ ગયો છે, કારણ કે ભારતીય રિઝર્વ બેંક ડોલર વેચી રહી છે.

અગ્રણી ભારતીય ઉદ્યોગપતિઓએ ભારતની આર્થિક કટોકટી પર અનેક મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાં છે. કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક અને અગ્રણી બેંકર ઉદય કોટકે CII (કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી) ની વાર્ષિક વ્યાપાર પરિષદમાં ચેતવણી આપી હતી કે આપણે અત્યંત ખરાબ પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ. ઉદ્યોગપતિ સુનીલ ભારતી મિત્તલે પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર પોતાનો અભિપ્રાય આપ્યો છે કે તેમનો સંદેશો ખૂબ જ ગંભીર હતો. મારું માનવું છે કે ઉદ્યોગે આમાં પોતાની ભૂમિકા ભજવવી જોઈએ. આપણે સોનાની આયાતના આ જુસ્સામાંથી બહાર નીકળવું પડશે. આપણે આપણી ઊર્જાના ખર્ચમાં ઘટાડો કરવો પડશે. આપણે નવીનીકરણીય ઊર્જા ઉદ્યોગ તરફ ઝડપથી આગળ વધવું પડશે. બીજી બાજુ દેશનાં કરોડો નાગરિકો હવે સરકાર ક્યાં વધુ આકરાં પગલાં લેશે, તેની કલ્પના કરી રહ્યાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઘણાં લોકોએ સોશ્યલ મીડિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા કે જે નેતાઓ સામાન્ય નાગરિકોને ઇંધણ બચાવવાની અપીલ કરે છે તેઓ પોતે મોટા કાફલા અને રોડ શો કેવી રીતે ચાલુ રાખી રહ્યા છે

DGVCL

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Rajpipla Division Office
Old Power House, Rajpipla 393 145
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice No. E-1 to E-57/2026-27 Adv. No.1

Tenders E-1 to E-57 are invited for the works of (1) Erection and maintenance of HT/ LT Lines & Transformer Centres in various sub-divisions. (2) Laying, testing and commissioning of UG Cable (XLPE Cable to be supplied by DGVCL) including emergency work for locating faults in 11 KV XLPE Cable and repairing the same by providing end termination and straight through jointing kits for various Schemes under Kevadia sub-division. (3) Construction of transformer plinths of size 5 ft. x 5 ft. x 5 ft. in any sub-division. (4) Fabrication of various items from different MS raw materials for Rajpipla Division. The details are available on https://dgvcl.com and https://tender.nprocure.com.

EE (O&M), Rajpipla Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ક્રીઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

દાદી કી શાદી — ૯.૧૦, ૧.૦૦, ૨.૩૫, ૬.૨૫, રાત્રે ૮.૧૦
ધબકારો (ગુજરાતી) — ૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૫.૨૦, ૭.૦૦, ૮.૫૦
રાજા શિવાજી — ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૨.૫૦, ૪.૦૦, રાત્રે ૯.૨૦, ૧૦.૩૦, ૧૧.૦૦
વાંકીચુકી લવસ્ટોરી (ગુજરાતી) ૧૨.૦૦, ૫.૨૦, ૭.૨૫
ભૂતબંગલા — ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૩૫, ૩.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫, ૧૧.૧૫
ગુલકંદી (ગુજરાતી) સવારે :૧૧.૩૦
મોર્ટલ કોમબર્ટ-2 (હિન્દી) ૯.૨૦, ૩.૧૦, ૫.૨૫, રાત્રે ૧૦.૩૦
લક્ષ્યવેધ (ગુજરાતી) ૧૨.૩૦
મૈં એક્ટર નહી હું (હિન્દી) ૭.૪૫
બી.જી.એસ. હોસ્ટેલ (ગુજરાતી) ૪.૩૦
કૃષ્ણાવતારમ-1 — ૯.૧૦, ૨.૩૦, ૪.૩૫, ૭.૪૫, રાત્રે ૧૦.૦૦
બહેરૂપિયો (ગુજરાતી) ૬.૦૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એક્શન સ્ટોરી
ડાકોઈટ

મૃણાલ ઠાકુર, અવિદી સેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ઐતિહાસિક હીટ ફિલ્મ
રાજા શિવાજી

રિતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરહીટ ફેમિલી ફિલ્મ
ધબકારો — ૧૧.૦૦, ૧.૩૦, ૪.૦૦, ૬.૩૦ રાત્રે ૯.૦૦
ભૂતબંગલા — ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
રાજા શિવાજી — ૨.૩૦, ૬.૦૦ રાત્રે ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૭૩/૨૬-૨૭	ઇલે.મિકે.(પા.પુ.)	૦૧	૭૪,૬૩,૪૭૨/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૭૮/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

cello Wim Plast Ltd.

વિમ પ્લાસ્ટ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસઃ સર્વે નં. ૩૨૪/૪ થી ૭, ગામ કાચીગામ, સ્વામી નારાયણ ગુરુકુલ રોડ, દમણ - ૩૯૬૨૧૦ | ટેલિફોન નં.: ૦૨૨ ૬૯૯૭૦૦૧૦/ ૯૩૭૭૨૮૩૪૫૪ | CIN: L25209DD1988PLC001544
ઇમેઇલઃ wimplast@celloworld.com | વેબસાઇટઃ www.cellowimplast.com

એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગ (EGM) ની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે વિમ પ્લાસ્ટ લિમિટેડ ("કંપની")ના સભ્યોની એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગ ("EGM"), કંપની એક્ટ, ૨૦૧૩ ("એક્ટ") ની લાગુ જોગવાઈઓ અને તે હેઠળ બનાવેલા નિયમો તથા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અને ૮મી એપ્રિલ, ૨૦૨૦ના જનરલ સર્ક્યુલર નં. ૧૪/૨૦૨૦ અને ત્યાર બાદ આ સંદર્ભમાં જારી કરાયેલા પરિપત્રો, જેમાં મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA") દ્વારા જારી કરાયેલ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના લેટેસ્ટ જનરલ સર્ક્યુલર નં. ૦૩/૨૦૨૫ (ત્યાર બાદ સામૂહિક રીતે "MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે) અને SEBI દ્વારા જારી કરાયેલ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના માસ્ટર સર્ક્યુલર નં. HO/49/14/14(7)2025-CFD-POD2/I/3762/2026 (ત્યાર બાદ "SEBI પરિપત્ર" તરીકે ઓળખાય છે) અને આ સંદર્ભમાં જારી કરાયેલા અન્ય પરિપત્રોના અનુપાલનમાં સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના, વીડિયો કોન્ફરન્સ ("VC")/ અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("OAVM") (ત્યાર બાદ "ઇલેક્ટ્રોનિક મોડ" તરીકે ઓળખાય છે) દ્વારા શનિવાર, ૬ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે (IST) યોજવા માટે નિર્ધારિત કરવામાં આવી છે, જેથી EGMની નોટિસમાં નિર્ધારિત વ્યવસાયિક કાર્યો પૂર્ણ કરી શકાય.

સભ્યો ફક્ત ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા જ EGMમાં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે. EGMમાં જોડાવા માટેની સૂચનાઓ EGMની નોટિસમાં આપવામાં આવશે. ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મીટિંગમાં હાજર રહેલા સભ્યોને એક્ટની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણવામાં આવશે.

ઉપરોક્ત MCA અને SEBIના પરિપત્રો મુજબ, EGMની નોટિસ ટૂંક સમયમાં તે સભ્યોને મોકલવામાં આવશે જેમના ઇમેઇલ સરનામાં કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(સ) ("DP") અને/અથવા MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ "લિંક ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ" તરીકે ઓળખાતી) ("RTA") પાસે નોંધાયેલા છે. EGMની નોટિસની ભૌતિક નકલો અને એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ તે સભ્યોને મોકલવામાં આવશે જેઓ investor.grievances@celloworld.com પર ઇમેઇલ મોકલીને તેની વિનંતી કરશે. EGMની નોટિસ કંપનીની વેબસાઇટ www.cellowimplast.com પર તેમજ BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

ઇમેઇલ સરનામાં નોંધણી/અપડેટ કરવાની રીતઃ જો સભ્યએ કંપની/RTA/ડિપોઝિટરીઝ પાસે તેમનું ઇમેઇલ સરનામું/બેંક ખાતાની વિગતો નોંધાવી નથી, તો નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશેઃ

(i) ભૌતિક સ્વરૂપે શેર ધરાવતા હોય તેવા કિસ્સામાંઃ સભ્યએ RTA ને rnt.helpdesk@in.mpms.mufg.com પર અથવા કંપનીને investor.grievances@celloworld.com પર ઇમેઇલ કરવો.

(ii) ડીમેટ સ્વરૂપે શેર ધરાવતા હોય તેવા કિસ્સામાંઃ સભ્યોએ તેમના DPનો સંપર્ક કરવો અને DP દ્વારા સૂચવવામાં આવેલી પ્રક્રિયા મુજબ ડીમેટ ખાતામાં ઇમેઇલ સરનામું નોંધાવવું.

ઈ-વોટિંગ માહિતીઃ કંપની તેના તમામ સભ્યોને EGMની નોટિસમાં નિર્ધારિત ઠરાવ પર પોતાનો મત આપવા માટે રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડી રહી છે. વધુમાં, કંપની તે સભ્યો માટે EGM દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડી રહી છે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી. રિમોટ ઈ-વોટિંગ/ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા EGM ની નોટિસમાં આપવામાં આવી છે. કંપનીએ EGMમાં રિમોટ ઈ-વોટિંગ/ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડવા માટે તેના RTAની સેવાઓ લીધી છે.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો બુધવાર, ૩ જૂન, ૨૦૨૬ (સવારે ૯:૦૦ વાગ્યે IST) થી શરૂ થશે અને શુક્રવાર, ૫ જૂન, ૨૦૨૬ (સાંજે ૫:૦૦ વાગ્યે IST)ના રોજ સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, શનિવાર, ૩૦ મે, ૨૦૨૬ની કટ-ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા કંપનીના સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે. ત્યારબાદ RTA ઈ-વોટિંગ પ્લેટફોર્મ દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે.

કોઈપણ પ્રશ્નના કિસ્સામાં, સભ્યો કંપનીના RTAનો MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, C-101, પહેલો માળ, એમ્બેસી ૨૪૭, LBS માર્ગ, વિક્રોલી (W), મુંબઈ- ૪૦૦૦૮૩; ટેલિફોન નં.: +૯૧ ૮૧૦૮૧ ૧૬૭૬૭; ઇમેઇલઃ rnt.helpdesk@in.mpms.mufg.com પર સંપર્ક કરી શકે છે.

તારીખઃ ૧૨ મે, ૨૦૨૬
સ્થળઃ મુંબઈ

વિમ પ્લાસ્ટ લિમિટેડ વતી
સહી/-
દર્શા અડોદરા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર
(FCS: 12831)

નિવિદા નં.૦૧/૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (માxમ) વિભાગ તાપી-વ્યારા જીલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, પ્રથમ માળ, વ્યારા, ફોન નં. (૦૨૬૨૬) ૨૨૦૦૮૧ ની કચેરી તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબના કામો ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે.

(૧) બીજો પ્રયત્નથી ન્યુ ગુજરાત પેટર્ન ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ આંગણવાડી કેન્દ્ર, સ્કૂલ રૂમ, ક્રિકેટ ગ્રાઉન્ડ ઇન્ટરનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ફેસીલીટી, એન્ડ કમ્પાઉન્ડ વોલ એટ વ્યારા, ડોલવણ, વાલોડ, સોનગઢ, ઉકાઇ, ઉચ્છલ, એન્ડ કુકરમુંડા તાલુકા જિ.તાપી. એમ કુલ ૧૪ સિંગલ કામોની અંદાજી રકમ રૂા.૮.૦૨ લાખથી રૂા.૩૨.૧૮ લાખ સુધીની છે.

(૨) બીજો પ્રયત્નથી મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ વેરીયસ રોડ, કલાસ રૂમ એન્ડ કમ્પાઉન્ડ વોલ એટ નિઝર એન્ડ કુકરમુંડા તાલુકા જિ.તાપી એમ કુલ ૦૬ સિંગલ કામોની અંદાજી રકમ રૂા.૪.૭૦ લાખથી રૂા.૧૨૩.૯૬ લાખ સુધીની છે.

(3) બીજો પ્રયત્નથી મા. જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ગ્રાંટ ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ કમાલછોડ ગામે નવી પૂર્વ હળપતિ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન માટે મકાનનું બાંધકામ તા.વાલોડ. એમ કુલ ૦૧ સિંગલ કામની અંદાજી રકમ રૂા.૮.૦૦ લાખની છે.

(૪) બીજો પ્રયત્નથી પી.ડી.આઈ. ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ લાઈબ્રેરી બિલ્ડીંગ એટ અભણકુવા તા.ઉચ્છલ જિ.તાપી.. એમ કુલ ૦૧ સિંગલ કામોની અંદાજી રકમ રૂા.૩૦.૦૦ લાખની છે.

(૫) બીજો પ્રયત્નથી ૧૫મું નાણાપંચ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ (જિલ્લા કક્ષા ૧૦%) : યોજના હેઠળ (i) પિપલવાડા ગામે કેવડી ફળીયા વાણક કોતર પર નાળાનું કામ તા.ડોલવણ (ii) કમાલછોડ પૂર્વ હળપતિ વાસ નવી પ્રાથમિક શાળામાં સ્લેબ પર અને પ્લેટફોર્મ સાથે પ્રાથના શેડ (યુનિટ-૨) તા.વાલોડ. એમ કુલ ૦૨ સિંગલ કામોની અંદાજી રકમ રૂા.૫.૭૬ લાખથી રૂા.૮.૨૧ લાખ સુધીની છે.

(૬) પી.એમ.કે.કે.કે.વાય. ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ લાઈબ્રેરી બિલ્ડીંગ, કોમ્યુનીટી હોલ, ભૌતિક સુવિધા એટ વ્યારા અને વાલોડ તાલુકા જિ.તાપી. એમ કુલ ૦૬ સિંગલ કામોની અંદાજી રકમ રૂ.૧૦.૦૦ લાખથી રૂા.૬૦.૦૦ લાખ સુધીની છે.

(૭) બીજો પ્રયત્નથી સી.ડી.પી.૫ ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ ગ્રામ પંચાયત એટ બુધવાડા, વાગદા, પાઘડકુવા તા.ઉકાઈ જિ.તાપી. એમ કુલ ૦૩ સિંગલ કામોની અંદાજી રકમ રૂા.૧૯.૭૪ લાખ સુધીની છે.

(૮) ત્રીજો પ્રયત્નથી રેતી કંકર ૨૦૨૫-૨૬ : યોજના હેઠળ વેરીયસ રોડ ઇન વ્યારા તાલુકા જિ.તાપી, એમ કુલ ૦૨ સિંગલ અને કુલ ૦૧ પેકેજના કામોની અંદાજી રકમ રૂા.૮.૨૬ લાખથી રૂા.૫૭.૮૨ લાખ સુધીની છે.

જે કામો માટે ઈ-૨/ઈ-૧ તેમજ સ્પે.કેટેગરી III રોડ અને ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર પાસેથી ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે. જેની બાનાની રકમ ટેન્ડરની અંદાજી રકમના ૧% અને ટેન્ડર ફી રકમ રૂા.૯૦૦/- થી રૂા.૩૬૦૦/- સુધીની રહેશે. આ નિવિદાની સંપૂર્ણ વિગતો https://tender.nprocure.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓન-લાઈન સબમીશનની છેલ્લી તા.૨૬/૦૫/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી. અને ટેન્ડર ઓન-લાઈન ખોલવાની તા.૨૭/૦૫/૨૦૨૬ સમય ૧૧:૧૦ કલાકે. ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પોસ્ટ એડીથી મોકલવાની છેલ્લી તા.૩૦/૦૫/૨૦૨૬ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (માxમ) વિભાગ, તાપી-વ્યારા રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાના રહેશે.

ટેન્ડર અન્ય શરતો તથા સુધારા-વધારા વેબસાઈટ પર ઓન-લાઈન જોઈ શકાશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (માxમ) વિભાગ
વ્યારા-તાપી

ક્રમાંક . માહિતિ-સૂરત/૧૧૪/૨૦૨૬

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
વલસાડ ગ્રામ્ય વિભાગીય કચેરી
કન્ટ્રીક્લબ રિસોર્ટ પ્રથમ માળ, પોસ્ટ- વશિયર, વલસાડઃ396007
Email: eevalsadr.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અમારા ૧૧ કેવી ફીડર ઉપર નીચે જણાવેલ તારીખ અને સમયે ૬૬ કેવી એસ.એસ. માં અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી સાદડવેલ એસ.એસ.	૬૬ કેવી સાદડવેલ એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર.	રાનકુવા	૧૯૧૨૩	૧૪-૦૫-૨૦૨૬ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૨	૬૬ કેવી ઉંટડી એસ.એસ.	૬૬ કેવી ઉંટડી એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર.	ધરાસણા	૧૯૧૨૩	૧૬-૦૫-૨૦૨૬ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૩	૬૬ કેવી ધોલાઈ એસ.એસ.	૬૬ કેવી ધોલાઈ એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર.	ધરાસણા	૧૯૧૨૩	૧૬-૦૫-૨૦૨૬ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૪	૬૬ કેવી ખેરગામ એસ.એસ.	૬૬ કેવી ખેરગામ એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર.	ખેરગામ	૧૯૧૨૩	૧૬-૦૫-૨૦૨૬ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૫	૬૬ કેવી ફડવેલ એસ.એસ.	૬૬ કેવી ફડવેલ એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર.	રાનકુવા	૧૯૧૨૩	૧૯-૦૫-૨૦૨૬ મંગળવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦

સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ., ગ્રામ્ય વિભાગીય કચેરી, વલસાડ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

RAJ IMPERIAL
DOLBY ATMOS INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

કાલથી જુઓ
હલકી ફુલકી મસ્ત કોમેડી
પતિ પત્નિ ઔર વો દો
આયુષ્માન ખુરાના, સારા અલી ખાન, રકુલપ્રિત સિંહ, વામિકા ગબ્બી, વિજય રાઝ
ગુજરાતી ક્રાઈમ, સસ્પેન્સ થ્રીલર
ધરપકડ મલ્હાર ઠાકર

હિન્દી ફેમિલી ફિલ્મ
કૃષ્ણાવતારમ-1 — 10.15 am, 2.00 pm, 6.50 pm, 9.35 pm
હિન્દી MORTAL KOMBAT-2 — 1.40 pm, 4.15 pm, 9.55 pm
કોમેડી, મ્યુઝીકલ, ફેમિલી ડ્રામા
દાદી કી શાદી
નિતુસિંહ કપુર, કપિલ શર્મા, રિધ્ધિમા કપુર
10.30 am, 12.05 pm, 6.05 pm
ગુજરાતી સુપરહીટ
ધબકારો — 9.00 am, 3.10 pm, 6.15 pm, 9.10 pm
વાંકીચુકી લવસ્ટોરી — ગુજરાતી : 11.45 am, 3.00 pm, 9.00 pm
ભૂતબંગલા — ATMOS : 10.40 am, 2.30 pm, 5.55 pm, 9.20 pm,
રાજા શિવાજી — ATMOS : 9.40 am, 1.30 pm, 5.20 pm, 9.10 pm
ધુરંધર-2 — 5.05 pm
Lee Cronin's The Mummy — હિન્દી 9.00 am